પોલીસ અધિક્ષકની કચેરી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ
સરખેજ-ગાંધીનગર હાઇવે, દિવ્ય ભાસ્કર પ્રેસની બાજુમાં, મકરબા, અમદાવાદ (ગુ.રા.)
કંટ્રોલ ટે.નં.-૨૬૮૯૧૧૧૫, ૨૬૮૯૧૧૬૮, ફેકસ નં.-૨૬૮૯૧૨૨૭
**E-mail : sp-ahd@gujarat.gov.in**
**Website :- www.spahmedabad.gujarat.gov.in**

---

**તા.૧૬/૧૧/૧૩ ના ક.૧૮/૦૦ વાગે અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ખાતે મીટીંગ હોલમાં ટ્રક ટ્રાન્સપોર્ટ માલિકોના વિવિધ પ્રશ્નો અંગે યોજવામાં આવેલ મીટીંગની કાર્યવાહી નોધ.**

ઉપરોકત મીટીંગ રાજકોટ રેન્જ, આઇ.જી.પી શ્રી પ્રવિણ સિંહા નાઓની અધ્યક્ષતામાં યોજવામાં આવી. જેમા નીચે મુજબના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

(૧) શ્રી પ્રવિણ સિંહા રેન્જ આઇ.જી.પી શ્રી, રાજકોટ વિભાગ

(૨) શ્રી આર.બી.બ્રહ્મભટ રેન્જ ડી.આઇ.જી શ્રી, અમદાવાદ વિભાગ

(૩) શ્રી ગગનદીપ ગંભીર પોલીસ અધિક્ષક અમદાવાદ ગ્રામ્ય.

(૪) શ્રી ડી.એન.પટેલ પોલીસ અધિક્ષક, સુરેન્દ્રનગર

(૫) ડો.ગીરીશ પંડયા ના.પો.અધિ, વિરમગામ વિભાગ

(૬) શ્રી જે.પી.રાઓલ પો.ઇન્સ એલ.સી.બી, સુરેન્દ્રનગર

(૭) સેક્રેટરી શ્રી ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. તથા ૨૫ જેટલા ટ્રક ટ્રાન્સપોર્ટના માલિકો

સો પ્રથમ સર્વે અધિકારીશ્રીઓ તેમજ ઉપસ્થીત ટ્રક ટ્રાન્સપોર્ટના હોદેદાર તેમજ માલિકોને આવકારવામાં આવ્યા.

ટ્રક ટ્રાન્સપોર્ટના માલિકો તેઓના વિવિધ પ્રશ્નો અંગે નીચે મુજબની રજુઆતો કરવામાં આવી.

(૧) અમારી ટ્રકો સોરાષ્ટ્ર તરફથી અમદાવાદ આવતી હોય જેમાં માલ સામાન ભરેલ હોય તેની તાડપત્રી તેમજ દોરડા કાપી તેમાથી માલ સામાનની ચોરી થાય છે.

(૨) આવી ચોરી થયા બાદ જે નજીકમાં પોલીસ સ્ટેશન હોય ત્યાં ચોરીની રજુઆત કરવામાં આવે ત્યારે હદ નો પ્રશ્ન હોવાથી ફરીયાદ લેવામાં આવતી નથી.

(૩) દુરથી આવતી ટ્રકોમાં કઇ જગ્યાએ ચોરી થઇ તે નકકી થઇ શકતુ નથી જેથી કોઇપણ જગ્યાએ અમારી ફરીયાદ લઇ 0 નંબર આધારે દાખલ કરી સંબંધકર્તા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવે અને તપાસ થાય.

(૪) ટ્રકમાંથી થયેલ ચોરી અંગેના ગુનાઓ ડીટેકટ થતા નથી અને તેમા આરોપી પકડાય તો અમોને જાણ કરવામાં આવતી નથી.

(૫) આંગડીયાની લુટ થાય તો ગુનો ડીટેકટ થાય છે પરંતુ ટ્રકમાંથી થયેલ ચોરીના ગુના ડીટેકટ થતા નથી. આવા ગુનેગારો વિરૂધ્ધ કડક હાથે કામ લેવામાં આવતુ નથી.

(૬) આવા પ્રકારના થતા ગુનાઓ અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવામાં આવે તે અંગે રજુઆતો કરવામાં આવી.

ઉપરોકત પ્રશ્ન અંગે વિચારોની આપ લે કરી ચર્ચા કરવામાં આવી અને આવા ગુનાઓ નિવારવા સારૂ નીચે મુજબના પગલાઓ લેવા સારૂ અરસ પરસ સહમતી દર્શાવેલ છે.

(૧). ખાસ કરીને ફરીયાદ લેવા બાબતે ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે સુરેન્દ્રનગર અને અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના વિરમગામ અને ધાગધ્રા વચ્ચે હદ નજીક બંને જીલ્લાની હદમાં ચેક પોસ્ટ રાખવામાં આવશે અને બંને સાઇડે ચેક કરીને ટ્રક રવાના થવા દેવામાં આવશે જેથી કયા જીલ્લા વિસ્તારમાં ચોરી થયેલ છે તે સ્પષ્ટ થતા હદનો પ્રશ્ન રહેશે નહી અને ફરીયાદ દાખલ કરવામાં કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશે નહી.

(૨) માલ સામાન ભરેલ ટ્રક ઉપર કલીનરને બેસાડવો અથવા વધારાનો એક માણસ રાખી ઉપર બેસાડવો જેથી ચોરીની કોશીષ થતા જ સ્થળ ઉપર જાણ થાય.

(૩) ટ્રાન્સપોર્ટ માંથી માલ ભરીને ટ્રક રવાના થાય ત્યારે ડ્રાઇવર કલીનરને સ્પષ્ટ સુચના આપવી કે સામાન્ય છાપરાવાળી હોટલો ઉપર જમવા કે ચા પાણી કરવા ટ્રક રોકવી નહી જે સ્ટાન્ડર્ડ હોટલો હોય કે જેમાં સી.સી ટીવી કેમેરા ગોઠવેલ હોય તેવી હોટલો ઉપર જ ટ્રકને રોકવી

(૪) આવી જગ્યાએ ટ્રક રોકેલ હોય ત્યાં પણ ડ્રાઈવર અને કલીનર સાથે જમવા જશે નહી વારાફરતી જશે અને એક વ્યકિત ટ્રક ઉપર હાજર રહેશે.

(૫) એક જ ટ્રાન્સપોર્ટની ચાર પાંચ ટ્રકો હોય તો તે સાથે રવાના કરવી અને ડ્રાયવરોને સુચના આપવી કે તેઓ સાથે રહે જેથી આવી કોઇ ચોરીની પ્રવૃતિ થતી હોય તેની પાછળના ટ્રકના ડ્રાયવરને ખબર પડે.

(૬) ટ્રકના ઉપરના ભાગે કલીનરને બેસાડવા શકય ન હોય તો દર દસ કિલોમીટરે કલીનર ટ્રકમાં ઉપર ચડીને ચેક કરે.

(૭) જે જગ્યાએ ચેક પોસ્ટ રાખવામાં આવે ત્યાં બે માણસો પોલીસના અને બે માણસો ટ્રાન્સપોર્ટ એસો. તરફથી રાખવાના રહેશે.

(૮) ટ્રક ડ્રાયવરોને સુચના આપવી કે ચોરી માટે જે વિસ્તાર અસરગ્રસ્ત હોય તેવા વિસ્તારમાં કયાય ટ્રક રોકવી નહી પોતાની કોઇ જરૂરીયાત માટે સુરક્ષિત વિસ્તારમાં ટ્રક રોકવી.

(૯) આવા ગુનાઓમાં જયારે કોઇ ગેંગ પકડાય ત્યારે આ ચોરીનો ગુનો હોવાથી કોર્ટમાં જામીન ઉપર છુટી જાય છે. તે માટે ટ્રક એસોસીએશન તરફથી વકીલ રોકી તેને જામીન ન મળે તે માટે સરકારી વકીલ નો સંપર્ક કરી પ્રયત્નો કરવા.

(૧૦) આવા ગુનાઓ નિવારણ સારૂ અસરગ્રસ્ત રોડ ઉપર દર પાંચ કિલોમીટરે સીસીટીવી કેમેરા મુકી શકાય જેના ખર્ચ પેટે ૬૦% રકમ ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન દ્વારા ઉઠાવવાનો રહેશે. અને ૪૦% રકમ સુરક્ષાસેતુ સોસા. માં પોલીસ વિભાગ તરફથી કરવાનો રહેશે.

(૧૧) ટ્રક ટ્રાન્સ.એસો તરફથી એક કમીટી બનાવી તે કમીટીના સભ્યો દર મહીને એક વખત ધ્રાંગધ્રા અને વિરમગામ ના.પો.અધિક્ષકશ્રી સાથે સંયુકત રીતે મીટીંગ રાખી બનેલ બનાવો તેમજ ડીટેકટ થયેલ ગુનાઓ સંબંધે ચર્ચા કરશે તેમજ ટુંક સમયમાં મીટીંગ કરી બંને જીલ્લામાં બંને સાઇડે બે બે ચેક પોસ્ટ મુકવા આયોજન કરશે.

(૧૨) ના.પો.અધિ શ્રી ઓએ અસરગ્રસ્ત વિસ્તારોમાં તમામ હોટલોમાં સીસીટીવી કેમેરા મુકાવવા વ્યવસ્થા કરવી.

(૧૩) આવા ગુનાઓ નિવારવા માટે રોડ પેટ્રોલિંગ ની વ્યવસ્થા થઇ શકે જેમા સાંજે ક.૧૮/૦૦ થી સવારના ૬/૦૦ સુધી રીકવીજીટ વાહનો દ્વારા પેટ્રોલિંગ વ્યવસ્થા કરી શકાય રીકવીજીટ વાહનની ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. તરફથી વ્યવસ્થા કરવી. સદર વાહનમા એક વ્યકિત પોલીસ ખાતાનો અને બે વ્યકિતઓ ટ્રક ટ્રાન્સ.એસો તરફથી રાખવાના રહેશે.

આમ ઉપરોકત તમામ મુદાઓ અંગે ગંભીરતાથી ચર્ચા વિચારણા કરવામાં આવી અને ચર્ચાયેલ મુદાઓના અમલીકરણ માટે ધ્રાંગધ્રા તથા વિરમગામ ના.પો.અધિ શ્રીઓ સાથે ટુંક સમયમાં મીટીંગ યોજી અમલવારી માટે આખરી નિર્ણય લેવા જણાવવામાં આવ્યુ.

ઉપસ્થિત સર્વે અધિકારીશ્રીઓ તેમજ ટ્રક ટ્રાન્સ.એસો ના આગેવાનો વિગેરે આભાર વ્યકત કરી સમાપન કરવામાં આવ્યુ.

(નિર્લિપ્ત રાય)
ઇ.પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ

Akhil Gujarat Truck Transport Association
25-12-13

---

ક્રમાંક એલસીબી/અરૂ/ટ્રક ટ્રાન્સપોર્ટ મીટીંગ/૧૩૩/૨૦૧૩
તા. ૨ /૯ /૨૦૧૩

પ્રતિ
પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ
નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ
પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર જીલ્લા
ના.પો.અધિ શ્રી, વિરમગામ
ના.પો.અધિ શ્રી, ધ્રાંગધ્રા
પો.ઇન્સ શ્રી એલ.સી.બી અરૂ
પો.ઇન્સ શ્રી, એલ.સી.બી સુરેન્દ્રનગર
તમામ પો.સ.ઇ. અધિ શ્રી વિરમગામ ડિવીઝન